ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં.સ્કોલરશીપ સેલ/2880/૨૦૨૩ તા.૦૪/૧૦/૨૦૨૩ 06

પ્રતિ,
૧. યુનિવર્સિટીના ભવનોના ડાયરેક્ટરશ્રીઓ...
૨. યુનિવર્સિટીના વિભાગોના વડાશ્રીઓ...
૩. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ...
૪. યુનિવર્સિટી સંલગ્ન માન્ય સંસ્થાઓનાં વડાશ્રીઓ...

વિષય : અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ અનુસંધાને વિદ્યાર્થીઓના આધારકાર્ડ બેંક સાથે લીંક કરવા બાબત...
સંદર્ભ : પરિપત્ર નં.ના.નિ/અજાક/શિક્ષણ/૨૦૨૩-૨૪/૪૭૯૦, તા.૨૭-૦૯-૨૦૨૩ મળ્યા તા.૦૪-૧૦-૨૦૨૩.

માનનીય સાહેબશ્રી,

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે સમયમર્યાદા (દિન-૦૭ આ સાથે સામેલ પત્રમાં જણાવ્યા મુજબ) ઘટતી કાર્યવાહી કરી નાયબ નિયામક, અનુ.જાતિ કલ્યાણ ની કચેરી, અમદાવાદ, એ બ્લોક, ૧૦મો માળ, બહુમાળીભવન, લાલદરવાજા અમદાવાદને જાણ કરવા વિનંતી.

આભાર સહ,

નોડલ ઓફિસરશ્રી
સ્કોલરશીપ સેલ

બિડાણ :- ઉપર મુજબ.

159260099785


# નાયબ નિયામક અનુ.જાતિ કલ્યાણ ની કચેરી અમદાવાદ

એ બ્લોક , ૧૦મો માળ, બહુમાળી ભવન, લાલ દરવાજા

અમદાવાદ ફોન-.ફેક્સ- (૦૭૯) ૨૫૫૦૧૧૨૩

Email : dbcwo-ahd@gujarat.gov.in


નં.ના.નિ/અજાક/શિક્ષણ/૨૦૨૩-૨૪/ ૪૭૯૦ તા:૨૭/૦૯/૨૦૨૩

GUJARAT UNIVERSITY
INWARD DEPARTMENT
- 4 OCT 2023

**તાત્કાલિક/અગત્યનું**

માન. રજીસ્ટારશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
નવરંગપુરા,
અમદાવાદ.

વિષય :- અનુસૂચિત જાતિના વિધાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ અનુસંધાને વિધાર્થીઓના આધારકાર્ડ બેંક સાથે લીંક કરવા બાબત.

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૨-૨૩ થી અનુસૂચિત જાતિના વિધાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનામાં શિષ્યવૃત્તિનું ચુકવણું આધાર બેઝ પ્રમાણે ચુકવવાનું નક્કી થયેલ છે. એટલે ૪૦% ગુજરાત સરકારશ્રી તરફથી તથા ૬૦% કેન્દ્ર સરકારશ્રી (દિલ્હી) તરફથી શિષ્યવૃત્તિનું ચુકવણું કરવાનું નક્કી થયેલ છે.

વધુમાં, અત્રેની કચેરીએથી ગુજરાત યુનિવર્સિટી એફીલેટેડ કોલેજોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિધાર્થીઓની અમદાવાદ જિલ્લાની યાદી કે જેઓના આધારકાર્ડ બેંક સાથે લીંક થયેલ નથી તથા DBT Enable થયેલ નથી તેની સંપૂર્ણ યાદી વોટ્સ એપ ગ્રુપ મારફતે મોકલી આપેલ છે. તથા જરૂરી સૂચના પણ આપેલ છે કે, આપના તાબા હેઠળની કોલેજોના આચાર્યશ્રીઓને ટેલિફોનિક માધ્યમથી સૂચના આપે કે વિધાર્થીઓના આધારકાર્ડ તાત્કાલિક બેંક સાથે લીંક કરાવે તથા DBT Enable કરાવે તેમ છતાં વિધાર્થીઓના આધારકાર્ડ લીંક થયેલા નથી. તા. ૨૭/૦૯/૨૦૨૩ ની સ્થિતિ પ્રમાણે અમદાવાદ જિલ્લાની ગુજરાત યુનિવર્સિટી એફીલેટેડ કોલેજોમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં આધારકાર્ડ લીંક થયેલા તથા DBT Enable થયેલા માલૂમ પડેલ છે જે ખૂબ જ ગંભીર બાબત જણાય છે.

ઉકત બાબતે વધુમાં જણાવવાનું કે, આપની કક્ષાએથી આપના તાબા હેઠળની કોલેજોને સૂચના આપવામાં આવે કે, બાકી રહેલા વિધાર્થીઓના આધારકાર્ડ દિન:૦૭ સુધીમાં લીંક કરાવે તથા બેંકમાંથી DBT Enable કરાવે જો વિધાર્થીઓના આધારકાર્ડ દિન:૦૭ સુધીમાં લીંક ન થાય તો શિષ્યવૃત્તિ બાબતે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે અથવા તો અનુસૂચિત જાતિના કોઇ વિધાર્થી શિષ્યવૃત્તિથી વંચિત રહેશે તો સંપૂર્ણ જવાબદારી સબંધિત કોલેજોના આચાર્યશ્રીઓની રહેશે જેની જાણ થવા વિનંતી છે.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
અમદાવાદ

Mahali
1:09
D: 04/10/23